## જન્મદિને વધામણી




અર્ચનાબા
વિવેકસિંહ ચૌહાણ



મેહુલ બી શાહ
મો. ૯૮૨૫૫ ૩૧૬૬૯

# સોશિયલ મીડિયાના નવોન્મેષી તાજગીસભર સર્જનનો આવિષ્કાર : અંતરને ઝરૂખેથી







ગુજરાતી સાહિત્યમાં સોશિયલ મીડિયાનો પ્રભાવ ઊભો થતાં વૉટ્સએપ, ફેસબુક અને ટ્વીટર જેવાં માધ્યમથી નવસર્જકોનો એક નવો ફાલ તેમની તાજગીસભર રચનાઓ લઈને છેલ્લા થોડા સમયથઈ જે રીતે આવી રહ્યો છે તેનાથી આકર્ષાઈને જાણીતા કવિઓ, લેખકો અને ગઝલકારો પણ પોતાની અભિવ્યક્તિ આ માધ્યમો દ્વારા કરી રહ્યાનું જોઈ શકાય છે. નવોન્મેષી સર્જકો તેમના વિચારો, સંવેદનાઓ, લાગણીઓની અભિવ્યક્તિ જે રીતે કરી રહ્યા છે તેમાં ક્યાંક કાચું કપાતું હોય તેવી લાગણી પ્રતિષ્ઠિત સર્જકોને લાગે પણ ખરી અથવા નબળી રચનાઓ દ્વારા યશપ્રાપ્તિ માટેના ધમપછાડા જેવું લાગે પણ ખરું છતાં આ માધ્યમે જે રીતે ભાષા અને સાહિત્યને યુવાભિમુખ કર્યું છે તો જોઈને ગૌરવની લાગણી અનુભવાયા વિના રહેવાશે નહીં. આ માટે સાહિત્યના જુદા જુદા સ્વરૂપો અંગેની જાગૃતિ અને તેમાં ગૃપ દ્વારા રજૂઆતોનો જે માહોલ જામ્યો છે તે ખરેખર પ્રશંસનીય લાગ્યા વિના રહેતો નથી. અને ત્યારે ગુજરાતી ભાષા અને સાહિત્ય પ્રત્યે નિરાશાનો સૂર વ્યક્ત કરનારને ગાલે તમાચા સમાન આ અભિવ્યક્તિઓ થઈ રહી છે એમ લાગ્યા વિના રહેશે નહીં.

સાહિત્યનું વાચન, મનન, ચિંતન અને લેખન ઓછું થયું નથી પમ તેની અભિવ્યક્તિની તરાહ બદલાઈ છે, એમ જરૂર કહી શકાય. હા તેમાં એક માહોલ એવો પણ છે કે ક્યાંક જાણીતી રચનાઓની નકલ, તફડંચી થી રહી છે પણ એવું તો અગાઉ પણ થતું જ રહ્યું છે. અહીં હવે આપણે નિરક્ષિર વિવેકી બન્યા વિના ચાલશે નહીં. સારી અને સાચી વાતને સ્વીકાર્યા વિના પણ છૂટકો નથી જ.

સાહિત્યના અનેક સ્વરૂપોમાં સોશિયલ મીડિયા દ્વારા પ્રવેશેલ આ નવા ફાલમાં જે અભિવ્યક્તિની અનોખી તાકાત જોઈ શકાય તેને જોતાં ગુજરાતી ભાષા અને સાહિત્યનું ભાવિ ધૂંધળું નહીં પણ ઉજળું છે એ વાતત સૌએ સ્વીકારવી જ પડશે.

હવે આ સર્જકો તેમની રચનાઓને ઉપકડાં પ્રકાશન દ્વારા જે રીતે સાહિત્યક્ષેત્રે પગરણ માંડી રહ્યા છે તેમાં એક મોરપીંછ સમું પુસ્તક 'અંતરને ઝરૂખેથી' કવિયત્રી જિગિષા રાજનું પ્રાપ્ત થયું છે. જેમાં શબ્દોના સથવારે તે જણાવે છે કે આ મારા અંતરની વાત છે. આપણે આપણા અંતર સાથે સંવાદ કરતા હોઈએ છીએ અને એ સંવાદ થકી આપણને આપણી ઓળખ મળે છે. અંતરના ઝરૂખેથી કાવ્યો જિગીષા રાજની ઓળખ છે. અંતરમનનાં સંવેદનો, લાગણીઓ અને સંસ્મરણો આ બધું જ અહીં ઠલવાયું છે. પ્રકૃતિ સાથેનો સંવાદ, મનનાં સંચલનો ને કેટલીક યાદો એ બધું તેમણે હૂબહૂ ઉતાર્યું છે. ઘણા સમયથી તેઓ પોતાના ફેસબુક પેજ, બ્લૉગ, સ્ટોરીમિરર.કૉમ પરથી રસપાન કરાવી રહ્યાં છે. તેમાં સાહિત્યિક સફરના સાક્ષી ખાસ વ્યક્તિત્વોનો પણ તેમણે આભાર વ્યક્ત કર્યો છે. પ્રેમ, પ્રકૃતિ, ઊર્મિ અને સંવેદનાઓ એ એમનો કવન વિષય છે. જેમાં ઊંચા પહાડો, એની ઉપરથી ઉતરતાં ઝરણાં અને એમાંથી આગળ વધતી નદીઓ જ્યારે અફાટ સમુદ્રને મળે છે ત્યારે જે ઉન્માદ જોવા મળે એવું જ કંઈક એમની કવિતાઓમાં જોવા મળે છે. જે તેમની રચનાઓમાં ઉતર્યું છે. જુઓ તેમની આ રચનાની રજૂઆત-

સવારની ફુલ ગુલાબી,
ધીમેથી મંદ મંદ શ્વાસની
હવામાં તારો સ્પર્શ,
ઝાકળની છેલ્લી બૂંદ જેવું,
સૂર્યના પહેલા કિરણ સાથે
તારું મળવું.

પ્રકૃતિના રમણીય રૂપોને જોતાં રહેવું એના સાંનિધ્યમાં સમય પસાર કરવો તેમને બહુ ગમે છે. તેઓનો કંઠ પણ તેમની જેમ જ મોહક છે. કલાને પોતાનામાં આત્મસાત કરનાર જિગિષા રાજે અંતરને ઝરૂખેથી સંગ્રહમાં સુંદર ભાવાભિવ્યક્તિવાળી ૮૭ રચનાઓ આપી છે. જિગિષા રાજ એક એવું વ્યક્તિત્વ છે કે એકવાર મળો એટલે કાગ્રેય ભૂલી ના શકો. મોહક વ્યક્તિત્વ અને આંખોમાં અલગ સ્પાર્ક નજરે પડે છે.

જિગિષા રાજ અમદાવાદની સૅન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી ગુજરાતી સાહિત્યમાં ત્રણ સુવર્ણચંદ્રક સાથે સ્નાતક થયેલાં છે. તે પછી અનુસ્નાતક અને યુજીસી નેટ સફળતાપૂર્વક પાસ કરી નાયબ મામલતદાર જેવી મહત્ત્વની જગ્યા પર ગુજરાતની પ્રકૃતિનો ગુલદસ્તો કહી શકાય તેવા ડાંગ જિલ્લામાં ફરજ બજાવે છે. તેમના આ પુસ્તકને આવકારું છું અને તેમને અભિનંદન પાઠવું છું.

'અંતરને ઝરૂખેથી' (કાવ્યસંગ્રહ)
કવયિત્રી જિગિષા રાજ
પ્રકાશક - સ્ટોરી મિરર, ગુરગાંવ, હરિયાણા
પ્રથમ આવૃત્તિ : ૨૦૧૭
કિંમત : રૂા. ૧૨૫/-

## બી.બી.એ કોલેજ તેમજ ICICI ડાયરેક્ટના સંયુક્ત ઉપક્રમે
# ડાયનેમીક્સ ઓફ કેપિટલ માર્કેટ ઈન ઈન્ડિયા વિષયે વર્કશૉપ





ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બી.બી.એ) દ્વારા ડાયનેમીક્સ ઓફ કેપિટલ માર્કેટ ઈન ઈન્ડિયા વિષય પર વર્કશોપનું આયોજન થયું. વર્કશોપના પ્રથમ દિવસે બીબીએ સેમેસ્ટર- ૪નાં ૧૫૬ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસક્રમ નાં ભાગરૂપે ભણતા ફાઈનાનસીયલ મેનેજમેન્ટ વિષય ની પ્રાયોગિક તાલીમ આપવામાં આવી જેમાં ભારતીય અર્થતંત્રની ફાઈનાનસીયલ સીસ્ટમમાં કેપિટલ માર્કેટ તેમજ મની માર્કેટનું કેવું મહત્વપૂર્ણ યોગદાન છે. તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને અભ્યાસની સાથેસાથે આવા અર્થસભર વર્કશોપ થી મેનેજમેન્ટ તેમજ આર્થિક બાબતોમાં રૂચી વધે છે. સીરીઝના બીજા દિવસે બીબીએ કોલેજના પ્રથમ વર્ષના ૧૮૦ વિદ્યાર્થીઓ વર્કશોપમાં ભાગ લીધો હતો. જેઓ ને ફાઈનાન્સિયલ માર્કેટ નાં કાર્યો સિદ્ધાંતો સાથે સાથે R.B.I.નો રોલ માર્કેટ ની સાતત્ય પૂર્ણ કાર્ય પદ્ધતિ થી ભારતીય અર્થતંત્ર પર આવતી અસરો તેમજ સ્ટોક માર્કેટ વિષે ની સંપૂર્ણ માહિતી પ્રદાન કરવા માં આવી હતી. તેમજ સ્ટોક માર્કેટ,મનીમાર્કેટ સરક્યુલર ફલોઓફ મની પર વિસ્તૃત ચર્ચા કરવા માં આવી હતી. ICICI ડાયરેક્ટ તરફ થી માર્કેટિંગ જોનલ હેડ ઝંખના શ્રીવાસ્તવ,વૈભવી વિઠલાણી તેમજ સુનીલભાઈ દ્વારા વિદ્યાર્થીઓ ને ખુબ અસરકારક રીતે ફાઈનાન્સ મેનેજમેન્ટ, કેપિટલ માર્કેટ અને સ્ટોક માર્કેટ ની ખુબ ઊંડાણ પૂર્વક સમજ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓ ને સ્ટોક માર્કેટ ની "સ્ટોક માઈન્ડ" સ્પર્ધામાં ભાગ લેવા આમંત્રણ આપ્યું હતું. તેમજ તેઓએ વિદ્યાર્થીઓને લોગીન કેવીરીતે કરવું તેમજ ઓન લાઈન ટ્રેડીંગ કેવીરીતે થાય તેની તલસ્પર્શી માહિતી આપી હતી. આ ગેમની વિશેષતા એ છે કે વિદ્યાર્થીઓને લાઈવ ટ્રેડીંગ કરવાનો મોકો મળે તેમજ ૧૫ લાખ વર્ચ્યુઅલ રૂપિયા પણ શેર માર્કેટમાં ટ્રેડીંગ માટે આપવામાં આવે જેથી વિદ્યાર્થીઓને હાલના માર્કેટની પરિસ્થિતિ માં સ્ટોક માર્કેટનો કોઈપણ જાતનાં જોખમ વિના અનુભવ મેળવવાનો મોકો મળે કેમકે ઓન લાઈન માર્કેટ સાથે તેને લિન્ક કરવામાં આવેલ છે.કોલેજ રાઉન્ડના ત્રણ વિજેતા જાહેર થશે જયારે રાષ્ટ્રીય સ્તરે માર્ચ- ૨૦૧૯માં ગેમ આયોજિત થશે. જે એક સપ્તાહ દરમ્યાનની સ્પર્ધા હશે. દરરોજ સવારે ૯.૧૫ થી ૩.૩૦ સુધી માં ઓનલાઈન ટ્રેડીંગ વિદ્યાર્થીઓને તેમના વર્ચ્યુઅલ લોગીનમાં વર્ચ્યુઅલ ૧૫ લાખ રૂપિયા સાથે કરવાનું રહેશે. વિદ્યાર્થીઓને પ્રથમ ત્રણ ઈનામ માટે ૧,૦૦,૦૦ થી લઈ ૨૫,૦૦૦ના રોકડ ઈનામ પ્રમાણપત્ર તેમજ અન્ય અનેક લાભ આપવાની વાત પણ તેમણે વિદ્યાર્થીઓને સમજાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે. કે છેલ્લા ચાર વર્ષ થી આ કૉલેજના વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ખૂબ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે. જય સુથાર રાષ્ટ્રીય સ્તરે દ્વિતીય તેમજ નિખિલ ચૌહાણ રાજ્ય કક્ષા એ પ્રથમ સ્થાન મેળવી ચૂક્યા છે. બીબીએ. કૉલેજના અધ્યાપક ગણ વિદ્યાર્થીઓને આવી તમામ પ્રવૃતિઓ ઑ માટે પ્રોત્સાહિત કરતા રહે છે. જેનાથી વિદ્યાર્થીઓમાં પડેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી શકાય. વિદ્યાર્થીઓએ તેમના અભિપ્રાયમાં જણાવ્યું હતું કે વર્કશોપ દ્વારા ફાઈનાન્સ વિષયનું ખુબ ઊંડાણપૂર્વક પ્રાયોગિક જ્ઞાન મળ્યું હતું જે તેઓને તેમની વ્યવસાયિક કારકિર્દીમાં ઉપયોગી સાબિત થશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ, ટ્રેનીંગ અને પ્લેસમેન્ટના હેડ ડો. જયેશ તન્ના દ્વારા કરવામાં આવ્યું હતું. અધ્યાપક ડો.આશિષ ભુવા અને પ્રો. પ્રજ્ઞેશ નવલખાએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સંકલન કર્યું હતું.

# એસ. વી. સ્કૂલમાં 'ઓરેન્જ ડે'ની ઉજવણી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં 'ઓરેંજ ડે'ની ઉજવણી થઈ ગઈ. બાળકો ઓરેંજ કલરના વિવિધ પ્રકારના વસ્ત્રો પરિધાન કરી, ઓરેંજ કલરની વસ્તુઓ જેવી કે ઓરેંજ ટેડી બીયર, ઓરેંજ ઢીંગલી, ઓરેંજ કાર અને બસ જેવા રમકડાં,ચાર્ટ લઈને ઉત્સાહભેર શાળામાં આવ્યા હતા. શિક્ષક આરતી હાથીએ ઓરેંજ કલર વિષે તથા તેના અલગ અલગ શેડ વિષે માહિતી આપી હતી. વાલીઓએ પણ ઓરેંજ ડેને અદભૂત સહયોગ આપ્યો હતો. આચાર્ય જિજ્ઞા દર્પણ બુચે વાલી મિત્રોનો આભાર માન્યો હતો.

## ગુજરાત યુનિવર્સિટીના
# પત્રકારત્વ વિભાગના સ્કૉલર્સ સન્માનાયા



ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમ વિભાગના પીએચ.ડી રિસર્ચ સ્કોલર્સ નેત્રી ત્રિવેદી, હિતાંશી શાહ, પાર્થ પટેલ અને જીત ધોળકિયા દ્વારા ઓડિશાના ભુવનેશ્વર ખાતે બીજી નેશનલ મીડિયા કોન્ક્લેવ ખાતે મીડિયાને લગતા વિવિધ વિષયો પર રિસર્ચ પેપર પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. જે રિસર્ચ પેપર એક ખાસ જર્નલમાં પ્રકાશિત પણ થયા છે. આ વિદ્યાર્થીઓને કોન્ક્લેવમાં કોન્ક્લેવના ચેરમેન ડો. ઉપેન્દ્ર પાધી દ્વારા સર્ટિફિકેટ દ્વારા ફેલીસીટેટ કરવામાં આવ્યા હતા.

## હેરિટેઝ ફેસ્ટ – સાસ્કૃતિક કાર્નિવલ સ્પર્ધામાં
# વિદ્યાર્થીઓને તેમની સર્જનાત્મક પ્રતિભા દર્શાવવાની અમૂલ્ય તક

આજની આ હરણફાળભરી જીદંગીમાં સફળ કારકીર્દીના ઘડતર માટે બાળકોમાં માત્ર ઉંચો બુદ્ધિઆંક અને ઉત્તમ શૈક્ષણિક દેખાવ હોવો પૂરતો નથી. વ્યકિતગત અને વ્યાવસાયિક જીવનમાં લાંબાગાળાની સફળતા પ્રાપ્ત કરવા માટે જીવન કૌશલ્યનું જ્ઞાન હોવું અને સુમેળ વ્યક્તિત્વ ધરાવવું એ મહત્વના પરિબળો બન્યા છે. કલાત્મક અને સાહિત્યિક વ્યવસાયો માત્ર વ્યક્તિના મગજની નવીન અને સર્જનાત્મકવૃતિનું ઘડતર નથી કરતા પણ સાથોસાથ એ વ્યકિતના ભાવાનાત્મક વિચારો સુદ્રઢ કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

હરેકૃષ્ણ મંદિર, ભાડજ, અમદાવાદ દ્વારા અમદાવાદ અને ગાંધીનગરના જુદા જુદા સ્થળે યોજાનાર આ હેરિટેઝ ફેસ્ટ ઈવેન્ટ વિદ્યાર્થીઓને સર્જનાત્મક અને કંઈક નવું કરવાની ધગશને એક અદભૂત તક પૂરી પાડશે જેની ફાઈનલ સ્પર્ધા તેના મંદિર ખાતે યોજાશે. બાળમંદિરથી લઈને ધોરણ-૧૦ માં ભણતા વિદ્યાર્થીઓ માટે આ ઈવેન્ટ મનોરંજન તથા જ્ઞાનસભર સાથેની સાંસ્કૃતિક કાર્નિવલ સ્પર્ધા બની રહેશે. આ સ્પર્ધામાં ભૂતકાળમાં મળેલ જબરદસ્ત પ્રતિસાદ તેમજ શાળાઓ દ્વારા કરાયેલ વિનંતીને ધ્યાને લઈ આ વખતે અમે આ ઈવેન્ટનું આયોજન શહેરના ૪ જુદા જુદા સ્થળોએ કરવામાં આવ્યું છે. હરે કૃષ્ણ મંદિર, ભાડજ ખાતે આ ઈવેન્ટની ફાઈનલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવશે. આશરે ૧૨૦૦૦ કરતા પણ વધુ બાળકો આ વર્ષે આ સ્પર્ધામાં ભાગ લેશે એવું અનુમાન છે.

હરિટેઝ ફેસ્ટ હરે કૃષ્ણ મુવમેન્ટ દ્વારા વાર્ષિક ઉજવાતો ઉત્કૃષ્ઠ સાંસ્કૃતિક સભર કાર્યક્રમ છે જે આ ટેકનોલોજીના યુગને કારણે વિભાજીત થયેલ સમાજને સંસ્કૃતિ સાથે સેતુ બાંધવાનો પ્રયાસ કરે છે, તરુણોને અપરાધવૃતિ પ્રત્યે સભાન બનાવે છે અને બાળકોમાં સારી વૃતિ ધરાવતી જીવનશૈલી પર ભાર મૂકે છે. આ કાર્યક્રમ તેઓને ૩૫ જેટલી સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભાગ લેવાની અનન્ય તક પૂરી પાડે છે. જેમકે શાસ્ત્રીય નૃત્ય, કલરીંગ, ડ્રામા, નૃત્ય નાટક, ગીતાનું ગાન, ગીતા શ્લોકનું રટણ, વૈદિક પ્રશ્નોત્તરી, સંગીત સ્પર્ધા અને આવી ઘણી બધી સ્પર્ધાઓ.

સ્પર્ધાના બધા જ વિજેતાઓને એક ખાસ ઈનામ વિતરણ કાર્યક્રમ દ્વારા આકર્ષક ઈનામનું વિતરણ કરવામાં આવશે. ટોચની ત્રણ શાળાઓ અને શિક્ષકો જેમણે વિજેતાઓને (વિદ્યાર્થીઓને) સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરવા માટેની તાલીમ પૂરી પાડે છે તેઓને ખાસ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. સૌથી વધુ પોઈન્ટસ મેળવનાર શાળા-સંસ્થાને 'હેરિટેઝ ફેસ્ટ ટ્રોફી' એનાયત કરવામાં આવશે. સ્પર્ધામાં રજીસ્ટ્રેશન કરાવવા કે સ્પર્ધાને લગતી કોઈ માહિતીની જાણકારી માટે હરેકૃષ્ણ મંદિર-ભાડજમાં સવારના ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી (સોમવાર થી શુક્રવાર દરમ્યાન) મોબાઈલ નં ૯૭૧૪૦૦૦૧૫૬ અને ૯૭૧૪૭૩૩૨૨૯ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

હેરિટેઝ ફેસ્ટ એ ફકત સાંસ્કૃતિક સ્પર્ધાઓનું કેન્દ્રીબિંદુ નથી પણ ભારતના કાલાતીત અને ભવ્ય વારસાની ઉજવણી કરવાનો અવસર છે. તે ખૂબ જ હૃદયસ્પર્શી કાર્યક્રમ જેને ફકત શૈક્ષણિક સંસ્થાઓ તરફથી જ નહીં પણ જુદા જુદા ક્ષેત્રમાં આગવી પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓ દ્વારા ખૂબ જ સારો આવકાર મળેલ છે. હરે કૃષ્ણ મુવમેન્ટ વિદ્યાર્થીઓ તેમજ સર્વેને આ જ્ઞાનસભર અને મનોરંજકયુકત સાંસ્કૃતિક સ્પર્ધામાં ભાગ લેવા માટે આવકાર આપે છે.

# અનુભૂતિનું અમૃત : ગાંધીકથા

॥ ૪૫મો મણકો ॥

આ ક્રમમાં ગાંધીજી ગાંધીજી બિશપ ઓફ એડગરબરી અને ચાર્લી ચેપ્લિનને પણ મળ્યા હતા. કોઈએ ચેપ્લિનને મળવા સૂચવ્યું તો ગાંધીજીએ પૂછ્યું, 'એ કોણ છે ?' તો જવાબ મળ્યો કે ફિલ્મ બનાવનાર અભિનેતા છે. 'તો મારે એને શું કામ મળવું જોઈએ ?' એવા સવાલનો જવાબ મળ્યો કે એ ફિલ્મો બનાવે છે પણ ગરીબોના હિતમાં ફિલ્મો બનાવે છે. 'તો તો મારે મળવું છે' એમ કહી ગાંધીજી ચેપ્લિનને મળવા ગયા હતા. એ સમયે ગાંધીજી ઈસ્ટ એન્ડમાં રહેતા હતા અને ચેપ્લિન પણ ધનવાન હોવા છતાં ગરીબોની વચ્ચે એ ઈસ્ટ એન્ડમાં રહેતા હતા.



પરિષદ તો નિષ્ફળ ગઈ. હિન્દુસ્તાન પાછા ફરી રહ્યા હતા ત્યારે એડન બંદરે એક ખબરપત્રીએ ગાંધીજીને સવાલ કર્યો, 'શું લઈને જાઓ છો ?' ત્યારે તેમણે જવાબ આપ્યો હતો, 'ખાલી હાથે જાઉં છું, મેલા હાથે જતો નથી.' હાથ ખાલી ભલે છે પણ મેલા નથી કર્યા એમ તેમણે જણાવ્યું હતું.

એ પછી મુંબઈમાં જ્યારે જહાજ પહોંચ્યું ત્યારે એમનું સ્વાગત કરવા માટે ત્યાં બે અઢી લાખ લોકો ઉમટ્યા હતા ! લૂઈ ફિશરે નોંધ્યું છે : 'દુનિયાના ઈતિહાસમાં નિષ્ફળ ગયેલા કોઈ સેનાપતિનું પોતાના દેશમાં આવું સ્વાગત ક્યારેય નહીં થયું હોય.'

જોકે સ્વાગત તો એ પછી એનાથીય મોટું થયું'તું. અઠવાડિયામાં તો એમને યરવડા જેલમાં પૂરવામાં આવ્યા હતા !

મેં અગાઉ આ વાત કહી હતી પણ આજે એ વાતનો અહીં સંદર્ભ છે એટલે ફરી કહું છું કે એક જમાનામાં ગાંધીજીના કટ્ટર વિરોધી જનરલ સ્મટ્સ જેમણે આફ્રિકામાં ગાંધીજી સાથે ૮ વર્ષ સુધી ટક્કર લીધી હતી તેઓ નિવૃત્ત થઈ ગયા હતા અને ગોળમેજી પરિષદ વખતે ગાંધીજી ઈંગ્લેન્ડ ગયા ત્યારે સ્મટ્સ પણ લંડનમાં જ હતા. તેમણે ત્યાંના મુત્સદીઓને સલાહ આપી હતી કે, 'ધ્યાન રાખજો, તમે કોઈ મુત્સદી સાથે કામ નથી કરી રહ્યા, તમે એક સંત સાથે કામ કરી રહ્યા છો.'


150 ગાંધીયાત્રા

૭૯ વર્ષનું દીર્ઘ આયુષ્ય અને જિંદગીનાં છેલ્લાં ૫૦ કરતાં વધારે વર્ષો અત્યંત વ્યસ્ત રહ્યા હતા. સેંકડો, હજારો માણસો સાથેનો સંબંધ અને લાખો, કરોડોના પ્રશ્નોને લઈને તેઓ કામ કરતા હતા. આવડી મોટી કામગીરી હોય એટલે એમાં મતભેદ તો થાય જ અને થવા પણ જોઈએ. પણ મોટાભાગે ક્યાં મનભેદ ન હતા. અલબત્ત, એમાંય અપવાદ તો હતા જ. પણ તેમ છતાં મોટાભાગે તેમને ક્યાંય મનભેદ થયા ન હતા. એનું કારણ આપણે અગાઉ જાણી ગયા. પેલી ખ્રિસ્તી મહિલા સાથેની વાતચીત જેમાં ગાંધીજીએ જવાબ આપ્યો હતો તેમ, 'હું કોઈને મારા દુશ્મન જાણતો નથી.'

આ વાતનું પ્રમાણ આપતી એક ઘટના પણ છે. ૧૯૨૨માં તેમને દેશદ્રોહ માટે, રાષ્ટ્રદોહ માટે છ વર્ષની સજા ફરમાવવામાં આવી હતી અને પૂનાની યરવડા જેલમાં કેદ કરવામાં આવ્યા હતા. ૧૯૨૪માં તેમને એપેન્ડીસાઈટીસનું દર્દ ઉપડ્યું. એ વખતે એવી વ્યવસ્થા હતી કે જે સિવિલ સર્જન હોય તે જ જેલના સુપ્રિટેન્ડન્ટ પણ હોય. આ સિવિલ સર્જને ગાંધીજીને જણાવ્યું કે 'ઓપરેશન કરવું પડશે અને ઓપરેશન ગંભીર છે એટલે તમારા સગાવ્હાલાઓને બોલાવી લો.' જોકે, સમય બહુ ઓછો છે એમ જણાવી તેમણે એમ પણ કહ્યું હતું કે મુંબઈથી કોઈને બોલાવી શકાય તો બોલાવી લેજો, પણ સાબરમતીથી બોલાવવાનો આગ્રહ નહીં રાખતા. કસ્તૂરબા એ સમયે સાબરમતી આશ્રમમાં હતા. પણ સમયના અભાવે તેમને ત્યાંથી બોલાવી શકાય એમ ન હતું.

ગાંધીજીએ કહ્યું, 'મુંબઈથી પણ શું કામ ? મારે તો પૂનામાં જ સગાવ્હાલા છે.' આમ કહી તેમણે ત્રણ નામ આપ્યાં. એમાં પહેલું નામ હતું : નૃસિંહ ચિંતામણ કેલકર, જેઓ તિલક મહારાજના શિષ્ય હતા અને અનેક વખત તેમણે ગાંધીજીની વિરુદ્ધમાં જાહેરમાં લેખો લખ્યા હતા, ગાંધીજીના વૈચારિક વિરોધી. એમનું નામ પહેલું આપ્યું. બીજું નામ આપ્યું : શ્રીનિવાસ શાસ્ત્રી, જે ગાંધીજીના સીધા વિરોધી તો નહોતા પણ તેમની કામ કરવાની પદ્ધતિ સાથે તેમને બહુ મેળ નહોતો આવતો. અને ત્રીજું નામ આપતાં ગાંધીજીએ કહ્યું કે 'નામ તો હરિ છે પણ અટક યાદ નથી અને સરનામું પણ ખબર નથી.' 'પણ આવડા મોટા શહેરમાં હરિ નામથી એક માણસને કેવી રીતે શોધી શકાય ? અહીં તો દર ત્રણ માણસે એક માણસનું નામ હરિ હશે.' 'હા પણ આ હરિ તો અમુક ખાદી ભંડારમાં કામ કરે છે.' આજની ભાષામાં કહીએ તો તે ખાદી ભંડારનો ચોથા વર્ગનો કર્મચારી હતો, એને ગાંધીજીએ પોતાના સગા તરીકે ઓપરેશનમાં હાજર રહેવા બોલાવ્યો.

હરિને બોલાવવા માણસ ગયા ત્યારે તેમણે કહ્યું, 'હું ગાંધીજીને ઓળખું એ વાત સાચી, પણ ગાંધીજી મને ન ઓળખે.' બોલાવનાર માણસે પૂછ્યું, 'તમે આ ખાદી ભંડારમાં કામ કરો છો ને ?' 'હા.' 'શું કામ કરો છો ?' 'હું અહીં ઝાડુ વાળુ છું.' 'બસ તો પછી તમે જ. તમને જ બોલાવ્યા છે.' આ ત્રણેય માણસો ઓપરેશનમાં હાજર રહ્યા. ઓપરેશન વખતે બત્તીઓ ચાલી ગઈ ને ફાનસને અજવાળે ઓપરેશન કરવું પડ્યું હતું. (ક્રમશઃ)



સૌજન્ય : કુંતલ નિમાવત સંપાદિત પુસ્તક 'ગાંધીકથા'
કથાકાર : સ્વ. શ્રી નારાયણ દેસાઈ